GJKT040036992021

**ક્રિમિનલ ઈન્કવાયરી નં.૬૩/૨૦૨૧**

**-: આંક-૧ લગત હુકમ :-**

(૧) ફરીયાદીએ આ ખાનગી ફરીયાદ આ કામના આરોપીઓ વિરૂઘ્ધ ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૧૧૪ અને ૪૭૧ વિગેરે મુજબની રજુ કરેલ છે.

(૨) ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી મોટા લાયજાના રહેવાસી છે, તેઓ વર્ષોથી મુંબઈ રહે છે અને વડીલોપાર્જીત મિલ્કતો મોટા લાયજા મુકામે આવેલ છે, ગામ મોટા લાયજા, તા.માંડવી-કચ્છના ગ્રામ પંચાયત ઘર નં.૫૪૧, ૫૪૨ તથા ૫૪૩ વાળી મિલ્કત જે તેમના દાદા શા ઠાકરશી ભીમશીના નામે નોંધાયેલ હતી, ત્યાર બાદ તે મિલ્કત કેવી રીતે તેમના પિતા નામે શા. લખમશી ઠાકરશીના નામે આવેલ ત્યાર બાદ તે મિલ્કત તેના ભાઈ નામે જયેશ લખમશી માલદે પોતાના નામે કરાવેલ છે, સદરહુ મિલ્કતના જુના રેકર્ડમાં શા. ઠાકરશી ભીમશીનો ઉલ્લેખ છે, એ રીતે ઉપરોકત મકાનો તેમની વડીલોના વાર (વડીલોપાર્જીત)થી માલિકીની છે, જે મકાનો તેમના વડીલોપાર્જીત પોતાના નામે આવેલ હતા, આરોપી નં.૧ તથા ૨ સાથે મેળમેળાપીપણુ કરી અને તા.૨૫-૭-૨૦૦૦ ના રોજ મોટા લાયજા ગ્રામ પંચાયત આકારણીમાં ચેડા કરેલ છે, કોઈ પણ આધારો વગર કે કાગળો વગર આરોપી નં.૧ પોતાનું નામ દાખલ કરાવેલ

છે, ફરીયાદીએ તા.૩૦–૧૧–૨૦૧૬ માં માહિતી અધિકાર હેઠળના કાયદા હેઠળ માહિતી માંગેલ છે, તા.૫–૨–૨૦૧૭ ના રૂબરૂ જતા ત્યાં તલાટી લેખિત જવાબ આપેલ જે આ મુજબ છે કે, ''જે તે સમયે આકારણી રજીસ્ટરમાં આરોપી નં.૧ શા જયેશ લખમશીનું નામ દાખલ કરવામાં આવેલ છે પરંતુ તે નામ કયા સાધનિક કાગળોને આધારે દાખલ કરવામાં આવેલ છે તેવો કોઈ ઉલ્લેખ આકારણી રજીસ્ટરમાં કરવામાં આવેલ નથી કે તેવો કોઈ સાધનિક કાગળો પંચાયત કચેરીમાં રેકર્ડમાં નથી'' તથા ''પાંચ પેજ આકારણી આપેલ જેમા સરકારી રેકર્ડ સાથે છેડછેડા તથા છેકછેકા કરી અને પોતાનું નામ ચડાવેલ છે જે સ્પષ્ટ દેખાય છે'', પંચાયતમાં કોઈ પણ નામ વારસાઈ કે હકક ટ્રાન્સફર કરવામાં આવે તો કાયદા મુજબ મિલ્કત ફેરફાર કરવાના નિયમો મુજબ જો મિલ્કતમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો હિત ધરાવતી વ્યકિતને ૧૩૫ ડી નોટીસ બજવવામાં આવે અને ત્યાર બાદ કોઈ વાંધો વચકો ના આવે તો પંચાયતની કારોબારીમાં મોકલવામાં આવે ત્યાર બાદ જનરલ મીટીંગ પસાર કરવામાં આવે ત્યારે તે મિલ્કતનું નામ ટ્રાન્સફર થતુ હોય છે અને જો વારસાઈ હોય તો પંચ કયાસ કરવુ ફરજીયાત છે જેથી આવી કોઈ પ્રક્રિયા આરોપી નં.૨ ધ્વારા કરવામાં આવેલ નથી જે ગંભીર ફોજદારી ગુનો બને છે, આ કામના આરોપીઓએ જાણી જોઈ મેળાપીપણુ કરી ઈરાદાપુર્વક ગેરકાયદેસરનું કૃત્ય કરેલ છે, જેથી ફરીયાદીએ આ ખાનગી ફરીયાદ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે.

વધુમાં, ફરીયાદીએ તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક ૩/૧ થી ૩/૬ સુધીના આધારો રજુ રાખેલ છે.

(૩) હાલની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરતા ક્રિમિનલ ઈન્કવાયરી રજીસ્ટરે લઈ, ફરીયાદીનું વેરીફીકેશન રેકર્ડ કર્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૨ ની રૂએ માંડવી પો.સ્ટે.ના પોલિસ ઈન્સ્પેકટરશ્રીને ફરીયાદીએ આપેલ અરજી/ફરીયાદ અંગે તપાસ કરી તે બાબતનો રીપોર્ટ દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં રજુ કરવા બાબતે હુકમ મારા પુરોગામી ન્યાયધિશશ્રી ધ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ પોલિસ ઈન્સ્પેકટરશ્રી, માંડવી પો.સ્ટે. ધ્વારા સદર ઈન્કવાયરીના કામે કરેલ તપાસ અંગેનો રીપોર્ટ આંક–૬ થી મોકલાવવામાં આવેલ છે. જેમા મુખ્યત્વે જણાવેલ છે કે, ''*આ કામેના ફરીયાદીશ્રીએ આક્ષેપ કરેલ છે કે મોટા લાયજા ગ્રામ પંચાયત આકારણીમાં ચેડા કરેલ છે અને કોઈ પણ આધારો વગર કે કાગળો વગર આરોપી શા. જયેશ લખમશી માલદેએ પોતાનું નામ દાખલ કરાવેલ છે જે બાબતે તપાસ દરમ્યાન તલાટીશ્રી મોટા લાયજાએ થયેલ ઠરાવ રજુ કરી શકેલ નથી કે આકારણી રજીસ્ટરમાં પણ કોઈ નોંધ થયેલ ન હોવાની કબુલાત કરેલ છે અને વધુમાં ફરીયાદીએ એક રીલીસ ડીડ રજુ કરેલ છે જેમા શા. જયેશ લખમશી માલદેનાઓએ એફીડેવીટથી કબુલાત કરેલ છે, લખમશી ઠાકરશી માલદેનાઓએ પોતાના જીવનકાળ દરમ્યાન કોઈ વીલ બનાવેલ નથી*' તેમ જણાવેલ છે.

(૪) માંડવી પો.સ્ટે. તરફથી અત્રેની અદાલતમાં રીપોર્ટ રજુ થયા બાદ, આ કામના ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રીની મૌખિકની દલીલો સાંભળી.

(૫) સાંભળ્યા. ફોજદારી પરચુરણ અરજીનું સમગ્ર રેકર્ડ, તપાસ કરનાર અધિકારીએ રજુ કરેલ આંક–૬ વાળો રીપોર્ટ તથા ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. આ કામના આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવાના તબકકે અદાલતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો છે કે કેમ? અથવા તો ફરીયાદ પક્ષે આક્ષેપ પુરવાર કરેલ છે કે કેમ? તે ધ્યાને લેવાનુ રહેતુ નથી, પરંતુ સમગ્ર રીતે જોતાં આક્ષેપિત તહોમત સંબંધે પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલી હકીકત છે કે કેમ? તે જોવાનુ રહે છે. જે અનુસાર હાલની ફરીયાદની હકીકત તથા તેની સાથેના જરૂરી દસ્તાવેજી આધારો તેમજ ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ પુરાવા અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ રીપોર્ટ ધ્યાને લેતા, ફરીયાદ હકીકત મુજબ આરોપી નં.૧ તથા ૨ સાથે મેળમેળાપીપણુ કરી અને તા.૨૫–૭–૨૦૦૦ ના રોજ મોટા લાયજા ગ્રામ પંચાયત આકારણીમાં ચેડા કરેલ છે, કોઈ પણ આધારો વગર કે કાગળો વગર આરોપી નં.૧ પોતાનું નામ દાખલ કરાવી ગુનો કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ગ્રામ પંચાયત રેકર્ડ જે તે અધિકૃત કર્મચારીના કબજામાં રહે છે જેમા ફેરફાર કરવાની સત્તા પણ તે અધિકારીને જ રહેલ છે. જે ધ્યાને લેતા સુચિત આરોપીએ કેવી રીતે પંચાયતના રેકર્ડમાં ચેડા કરેલ છે તેવુ પ્રથમદર્શનીય રીતે ફરીયાદી બતાવી શકેલ નથી. વધુમાં, ફરીયાદીના આક્ષેપ મુજબ ગામ લાયજાના આકારણી રજીસ્ટરમાં છેકછાક છે. જે બાબતે આકારણી રજીસ્ટરના ઉતારામાં મિલ્કત નં.૫૪૧, ૫૪૨, ૫૪૩ શા ઠાકરશી ભીમશીના નામે ત્યાર બાદ શા ઠાકરશી ભીમશીનું નામ રાઉન્ડ કરી શા મમીબાઈ ઠાકરશીનું નામ લખેલ હોવાનું ત્યાર બાદ અનુક્રમ નં.૫૫૪, ૫૫૫, ૫૫૬ માં શા લખમશી ઠાકરશીના નામમાં વચ્ચે એરો કરી

જયેશ નામ લખેલ હોવાનું ફલિત થાય છે અને ત્યાર બાદ શાહ જયેશ લખમશી ઠાકરશીનું નામ મિલ્કત નં.૫૪૧, ૫૪૨, ૫૪૩ માં લખેલ હોવાનું ફલિત થાય છે. ફરીયાદી તરફે રજુ ઉપરોકત દસ્તાવેજ વંચાણે લેતા તેમા સુધારો તથા ઉમેરો થયેલ હોવાનું ફલિત થાય છે પરંતુ તેવો સુધારો તથા ઉમેરો હાલના સુચિત આરોપીએ જ કરેલ હોય તેવુ પ્રથમદર્શનીય રીતે પુરવાર થતુ નથી. ઉપરાંત, આ કામના ફરીયાદી તથા આરોપી નં.૧ સંબંધમાં સાવકા ભાઈ થાય છે તથા લાયજા ગામની મિલ્કત બાબતે તેમની વચ્ચે સિવિલ દાવો ચાલતો હોવાનું પણ રેકર્ડ પર આવેલ છે. અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે આ કામના ફરીયાદીએ આ અગાઉ ક્રિ.ઈ.નં. ૧૦/૨૦૨૦ થી આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૪૨૦, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ મુજબ ફરીયાદ રજુ કરેલ, જે કામે ફરીયાદીની ફરીયાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૩ અન્વયે રદૃ કરવાનો હુકમ તા.૨૫–૧૧–૨૦૨૧ ના રોજ માંડવી–કચ્છના અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધ્વારા કરવામાં આવેલ છે. સદર હુકમથી નારાજ અને વ્યથિત થઈને મુળ ફરીયાદીએ નામદાર સેશન્સ કોર્ટ, ભુજ સમક્ષ ફોજદારી રીવીઝન અરજી નં.૧૦૧/૨૦૨૧ થી દાખલ કરેલ, જે કામે તા. ૧૬–૨–૨૦૨૨ ના રોજ ફરીયાદીની રીવીઝન અરજી ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આમ, આ કામના ફરીયાદી ધ્વારા અગાઉ ફો.ઈ.નં.૧૦/૨૦૨૦ થી આરોપીઓ વિરૂધ્ધ જે ફરીયાદ દાખલ કરેલ અને તેમા કરેલ આક્ષેપો પૈકી અમુક આક્ષેપો બાબતે ફરી વખત તે જ હકીકતે હાલની આ ફરીયાદ કરેલ હોવાનું ફલિત થાય છે. અગાઉ ઉપર ચર્ચા કર્યા મુજબ અગાઉની ફો.ઈ.નં.૧૦/૨૦૨૦ અધિક જ્યુડીશીયલ

મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, માંડવી ધ્વારા ફરીયાદ રદ્દ કરવાનો હુકમ કરેલ છે અને તે હુકમ વિરૂધ્ધ નામદાર સેશન્સ કોર્ટ, ભુજ સમક્ષ કરેલ રીવીઝન અરજી પણ ડીસમીસ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબનું આક્ષેપિત કૃત્ય સુચિત આરોપીઓએ આચરેલ હોવાનું પુરવાર થતુ નથી અને સદર અરજીના આક્ષેપો તદ્દન ખોટા તથા પાયાવિહોણા છે તેવી હકીકત ફલિત થાય છે. આમ, આ કામે હાલની ફરીયાદમાં જણાવવામાં આવેલ ઈ.પી.કોડની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૧૧૪ અને ૪૭૧ વિગેરે મુજબનો કોઈ ગુનો આરોપીઓ વિરૂધ્ધ બનતો હોવાનું પ્રથમદર્શનીય રીતે કેસના રેકર્ડ પરથી જણાય આવતુ ન હોય, જેથી હાલની ફરીયાદ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

ફરીયાદીની હાલની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૩ અન્વયે રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૨–૧૨–૨૦૨૩
**સ્થળ :** માંડવી

**(કેતનકુમાર અશોકભાઈ ડાભી)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૨૮૯